# પોરબંદરના ગ્રામ્યપંથકમાં એકતા યાત્રાનું ઠેરઠેર સ્વાગત

## સરદાર વલ્લભભાઈ પટેલના એકતાના સંદેશની લોકોને અપાઈ સમજ

પોરબંદર,તા.૨૨

પોરબંદર જિલ્લાના જુદા-જુદા ગામોમાં એકતા યાત્રાનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે અને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન વિશે ગ્રામજનોને માહિતી આપવામાં આવી રહી છે.

પોરબંદર ચોપાટી ખાતેથી જિલ્લાકક્ષાના કાર્યક્રમથી નીકળેલી એકતા યાત્રા બીજા દિવસે પોરબંદર તાલુકાના ફટાણા, મજીવાણા તેમજ સોઢાણા સહિતના ગામોમાં પહોંચી હતી. ગ્રામજનોએ સરદાર સાહેબની વંદના કરી સરદાર પટેલના એકતાના સંદેશ અને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિશે માહિતગાર થયા હતા. મજીવાણા ગામે બાળકો, વિદ્યાર્થીઓ અને વડીલોએ સરદાર સાહેબની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરી એકતા રથયાત્રા અંગેની માહિતી મેળવી હતી.

સરદાર સાહેબના દેશ પ્રત્યેના યોગદાનને પૂરી દુનિયા જાણે-સમજે તથા આજની નવી પેઢી તેમના જીવનમાંથી પ્રેરણા લઈ આદર્શ વ્યક્તિ બને તે માટે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નું નિર્માણ થયું છે. જેને આગામી તા. ૩૧ ઓક્ટોબરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી લોકાર્પણ કરશે. ગુજરાતના ગૌરવ એવા સરદાર સાહેબના જીવન સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડવા અને એકતા અને અખંડિતતાનો સંદેશ ગુંજતો કરવા એકતા યાત્રાનું પોરબંદર જિલ્લામાં આયોજન કરાયું છે. આ પ્રસંગે તાલુકા અગ્રણી ભુરાભાઈ કેશવાલા, પ્રોગ્રામ ઓફિસર અંજનાબેન જોષી તેમજ સબંધિત ગામના સરપંચ, ઉપસરપંચ અને અન્ય કર્મયોગીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ એકતા યાત્રાના સ્વાગત પૂજન બાદ એકતા અંગેના શપથ લીધા હતા.



પોરબંદરના જુદા-જુદા ગામોમાં એકતા યાત્રાનું સ્વાગત થઈ રહ્યું છે તેની તસ્વીર. (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

### અડવાણામાં આયોજન

જેમાં અડવાણા ગામે એકતા રથયાત્રા આવી પહોંચતા આ રથનું નાની બાળાઓ દ્વારા કુમકુમ તિલકથી સ્વાગત કરી આરતી કરેલ. ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી બાબતની જાણકારી એલ.સી.ડી. સ્કીન દ્વારા આપવામાં આવેલ. ત્યારબાદ હાજર ગ્રામજનોને એકતાના શપથ લેવડાવવામાં આવેલ. ત્યારબાદ સરપંચ ભીખુભાઈ રાજશીભાઈ કારાવદરા, ઉપસરપંચ સાજણબેન ભીમાભાઈ ઓડેદરા/મોઢવાડીયાએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવેલ જેમાં તાલુકા પંચાયત પોરબંદર માજી પ્રમુખ વિરમભાઈ ડી. કારાવદરા, લખુભાઈ બી. કારાવદરા તથા કેશુભાઈ આર. કારાવદરા હાજર રહ્યા હતા.

# પોરબંદરમ